તા. ૦૧.૧૧.૨૦૨૪

દિવ્ય ભાસ્કર, પાના નં. ૦૨

હવે ઈન્સ્પેક્શનની કામગીરી શરૂ કરવામાં આવશે

# મેટ્રોના થલતેજ ગામ રૂટનું કામ પૂરું, ટૂંકમાં શરૂ થઈ જશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ



મેટ્રોના ફેઝ-1માં ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલ ગામથી થલતેજ સુધીના રૂટ પર મેટ્રોનું સંચાલન કરાઈ રહ્યું છે. થલતેજથી થલતેજ ગામ સુધીના લગભગ 1.5 કિલોમીટર રૂટ પર ટ્રેક સહિતની કામગીરી પૂરી થઈ ગઈ છે. ટૂંક સમયમાં આ રૂટ પર કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી (સીએમઆરએસ) દ્વારા ઈન્સ્પેક્શન પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ આ રૂટ પર મેટ્રો દોડતી થશે.

જીએમઆરસીના અધિકારીએ જણાવ્યું કે, મેટ્રો ફેઝ-1નું ઓક્ટોબર 2022માં પ્રારંભ કરાયો હતો. જો કે એ સમયે થલતેજથી થલતેજ ગામ રૂટ પર ટેકનિકલ કારણોસર વાયડક્ટ, ટ્રેક સહિત તમામ કામગીરી બાકી રહી ગઈ હતી. જો કે હવે કામગીરી પૂરી થતાં ડિસેમ્બર અંત સુધીમાં કે જાન્યુઆરીની શરૂઆતમાં આ 1.5 કિલોમીટર રૂટ પર મેટ્રોનું સંચાલન શરૂ કરી દેવાતા શહેરમાં ફેઝ-1ની કામગીરી પૂર્ણ થશે.

અમદાવાદમાં મેટ્રો શરૂ થયા બાદ 24 મહિનામાં 5.29 કરોડ પેસેન્જરોએ મુસાફરી કરી છે. આમ દરરોજ મેટ્રોમાં મુસાફરી કરનારા પેસેન્જરોની સંખ્યા સરેરાશ 75 હજાર સુધી પહોંચી ગઈ છે.